MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

# વિનોબાજી સૂચિત શિક્ષણપંચપદીનો NEP-2020ના સંદર્ભમાં અભ્યાસ

**Dr. Archana D. Patel,** Associate Professor, Vaidya Shri M. M. Patel College of Education, Ahmedabad

**સંશોધન સારાંશ**

"મારું આખું જીવન જ શિક્ષણ કાર્યમાં વિત્યું છે."_વિનોબા ભાવે

11,સપ્ટેમ્બર 1895માં મહારાષ્ટ્રના ગાગોદા ગામે જન્મેલા ભારતના રાષ્ટ્રીય અધ્યાપક પૂજ્ય વિનોબાજીનું શિક્ષણ ક્ષેત્રે આગવું પ્રદાન છે. માનવ સંસાધન વિકાસ મંત્રાલય ભારત સરકાર દ્વારા કાર્યાન્વિત NEP-2020ને અમલમાં લાવવા માટે સૌ સંકલ્પ લીધો છે ત્યારે સંશોધકની પણ આગવી ભૂમિકા છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે વિનોબાજીના અહિંસાની ખોજ, સંત વિનોબા, વિનોબા સાથે વાંચન યાત્રા, શિક્ષણ વિચાર, નવી શિક્ષણનીતિ જેવા પુસ્તકોનો વિસ્તૃત અભ્યાસ કર્યો છે. તેના આધારે શિક્ષણ પંચપદીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આ સંશોધન પેપરમાં પ્રસ્તાવના, સંશોધનના હેતુ, સંશોધન સાધન, વિનોબાજીની શિક્ષણપંચપદી 1.શિક્ષક 2. વિદ્યાર્થી 3. શિક્ષણ અને ભાષા 4.સર્વાંગી વિકાસ માટે  નઈતાલીમ 5. યોગ -ઉદ્યોગ -સહયોગની કેળવણી અંગે વિસ્તૃત છણાવટ કરી છે. અને તેમની આ શિક્ષણપંચપદીને નવી શિક્ષણનીતિમાં કેવી રીતે સ્થાન આપવામાં આવ્યું છે. તે અંગેનું સંશોધન કાર્ય કરવામાં આવ્યું છે. સંશોધનના સારાંશ સ્વરૂપે કોષ્ટક રજૂ કરવામાં આવ્યું છે. જેના દ્વારા વિનોબાજી સૂચિત શિક્ષણ પંચપદીનો NEP-2020 સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવ્યો છે. આ રીતે પ્રસ્તુત સંશોધન આવનારા સમયમાં શિક્ષણ ક્ષેત્રે સાથે સંકળાયેલા સૌને ઉપયોગી થશે.

Key Words: વિનોબાજી, પંચપદી, NEP – 2020

## વિનોબાજી સૂચિત શિક્ષણપંચપદીનો NEP-2020ના સંદર્ભમાં અભ્યાસ

### ➲ પ્રસ્તાવના

માનવ સંસાધન વિકાસ મંત્રાલય ભારત સરકાર દ્વારા કાર્યાન્વિત NEP-2020ને અમલમાં લાવવા માટે સૌ કોઈ એક સાથે સંકલ્પ લઈને જોડાયા છે ત્યારે શિક્ષણ ક્ષેત્રે કાર્યરત સંશોધકની પણ આગવી ભૂમિકા છે. ચાર વિભાગ અને 27 પ્રકરણમાં વહેંચાયેલી આ રાષ્ટ્રીય શિક્ષણનીતિ વર્તમાન સમયમાં ઘણું પરિવર્તન લાવવાની છે. વિનોબાજી કહેતા "મારી જિંદગીના બધા કામ દિલોને જોડવાના એકમાત્ર ઉદ્દેશથી પ્રેરિત છે." આથી વિનોબાજીની શિક્ષણ પંચપદીનો અભ્યાસ કરવો જરૂરી છે. 11 સપ્ટેમ્બર 1895માં મહારાષ્ટ્રના ગાગોદા ગામે જન્મેલા ભારતના રાષ્ટ્રીય અધ્યાપક પૂજ્ય વિનોબાજીનું શિક્ષણ ક્ષેત્રે આગવું પ્રદાન છે. વિનોબાજી કહેતા "મારું આખું જીવન જ

શિક્ષણ કાર્યમાં વિત્યું છે. મેં કોઈ કામ કર્યું હોય તો તે શિક્ષક અને વિદ્યાર્થીનું જ. જે શિક્ષક હોય તે વિદ્યાર્થી પણ હોય છે. શિક્ષક અને વિદ્યાર્થી બંને એક જ છે. હું હંમેશા શિક્ષક અને વિદ્યાર્થી રહ્યો છું. જીવનભર મેં અધ્યયન અધ્યાપનનું કામ કર્યું છે. એવો એક પણ દિવસ નથી ગયો જ્યારે મેં કોઈ નવું જ્ઞાન પ્રાપ્ત કર્યું ના હોય અને જૂનાનું ચિંતન ના કર્યું હોય. ચિંતનનો સમય ના મળે તો મારું ચિત જળ વિનાની માછલી માફક તડપે છે. માટે જીવનભર મારું શિક્ષણકાર્ય જ ચાલ્યું છે."

સંશોધકે પ્રસ્તુત સંશોધન પેપરમાં વિનોબાજી સૂચિત શિક્ષણપંચપદીનો NEP-2020ના સંદર્ભે અભ્યાસ કર્યો છે.

## ➲ સંશોધનના હેતુ

સંશોધનના હેતુ નીચે પ્રમાણે છે.

1. વિનોબાજીના સંદર્ભ સાહિત્યનો વિસ્તૃત અભ્યાસ કરવો.
2. વિનોબાજીના સંદર્ભે શિક્ષકની સંકલ્પના જાણી NEP-2020નો અભ્યાસ કરવો.
3. વિનોબાજીના સંદર્ભે વિદ્યાર્થીની સંકલ્પના જાણી NEP-2020નો અભ્યાસ કરવો.
4. વિનોબાજીના સંદર્ભે શિક્ષણ અને ભાષાની સંકલ્પના જાણી NEP-2020નો અભ્યાસ કરવો.
5. વિનોબાજીના સંદર્ભે સર્વાંગી વિકાસ માટે નઈતાલીમની સંકલ્પના જાણી NEP-2020નો અભ્યાસ કરવો.
6. વિનોબાજીના સંદર્ભે યોગ-ઉદ્યોગ અને સહયોગની સંકલ્પના જાણી NEP-2020નો અભ્યાસ કરવો.

## ➲ સંશોધન સાધન

પ્રસ્તુત સંશોધન માટે સંશોધનકારે વિનોબાજીના નીચેના સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કરેલ છે.

(1) અહિંસાની ખોજ (2) સંત વિનોબા (3) વિનોબા સાથે વાંચન યાત્રા

(4) શિક્ષણ વિચાર

## ➲ વિનોબાજીના સંદર્ભે શિક્ષણપંચપદી

1. શિક્ષક:

વિનોબાજીના મતે શિક્ષક મેઘ નહીં માળી બનશે. વાદળું તો વરસી જશે. વરસાદ તો પડી જશે. જેને જેટલું પાણી લેવું હશે તે લઈ લેશે. બાકીનું વહી જશે. મેઘનું વરસી જવું એક વાત છે અને છોડને પાણી આપીને માવજત કરવી બીજી વાત છે. મેઘનું કામ અલગ છે અને માળી નું કામ અલગ છે. માળીતો જોશે કયા છોડને કેટલું પાણી જોઈએ. પાણી નકામું જતું રહે તે પણ તેને નહીં ગમે. શિક્ષકએ માળીની માફક વિદ્યાર્થીઓની વ્યક્તિગત કાળજી રાખશે અને માવજત રાખશે.

- શિક્ષકને એવી અનુભૂતિ હોવી જોઈએ કે સૌથી પહેલા હું શિક્ષક છું અને શિક્ષકનું કામ શ્રેષ્ઠ કામ છે. દેશની સર્વશ્રેષ્ઠ સંપત્તિ મારી પાસે છે. મારું કાર્ય તેમને સંસ્કાર,વિદ્યા અને માર્ગદર્શન આપવાનું છે.
- સંસ્કૃતમાં શિક્ષકને આચાર્ય કહે છે. આચાર્યના ત્રણ લક્ષણ છે. તે શીલવાન, પ્રજ્ઞાવાન અને કરુણા વાન છે. શીલવાન સાધુ હોય છે, પ્રજ્ઞાવાન જ્ઞાની હોય છે અને કરુણાવાન 'મા' હોય છે. આચાર્ય સાધુ,જ્ઞાની અને મા ત્રણે છે. શિક્ષક માટે શિષ્ય દેવ સમાન છે. બાળકો એને માટે પ્રભુની મૂર્તિ છે.
- શિક્ષક નિરંતર અધ્યયનશીલ હોય છે.શિક્ષકમાં નિરંતર શિક્ષણ ચાલતું રહેવું જોઈએ. તે સતત જ્ઞાનનો ઉપાસક હોવો જોઈએ. શિક્ષકમાં વાત્સલ્ય હોય અને જ્ઞાન ના હોય તો માતૃવત બની શકશે પણ ગુરુ નહીં બની શકે અને જો પ્રેમ વાત્સલ્ય નહીં હોય અને માત્ર જ્ઞાન હશે તો તે સારો વિચારક અને તત્વજ્ઞાની બનશે પણ સારો શિક્ષક નહીં બની શકે એટલે શિક્ષકમાં બંને જરૂરી છે.
- શિક્ષક વિદ્યાર્થીને કહેતા હોય છે મારાથી ડરવું નહીં. શિક્ષકમાં આવી સ્વતંત્રતાની વૃત્તિ બરાબર પચેલી હોવી જોઈએ. જેમ મારા ઉપર કોઈની સત્તા ના ચાલે તેમ મારી સત્તા પણ કોઈની ઉપર ના ચાલવી જોઈએ. આ પણ તેમના મતે ખૂબ મહત્વનું છે.
- શિક્ષક ઉત્તમ સલાહકાર બનવો જોઈએ. વિદ્યાર્થી સાથે શિક્ષકનો આત્મીયતાનો નાતો બંધાવવો જોઈએ. શિક્ષક વિદ્યાર્થી પરાયણ હોય અને વિદ્યાર્થી શિક્ષક પરાયણ હોય. બંને જ્ઞાન પરાયણ હોય અને બંનેનું જ્ઞાન સેવા પરાયણ બની રહે એવી શિક્ષણની યોજના હોવી જોઈએ.

આજ સંદર્ભે નવી શિક્ષણનીતિ 2020માં વિભાગ-1 શાળા શિક્ષણમાં પ્રકરણ-5માં પાના નંબર-49 થી પાના નંબર-57 સુધી શિક્ષક અંગેના મુદ્દાને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. જેમાં શિક્ષકની ગુણવત્તા સુધારણા ના કાર્યો, શિક્ષકોના વ્યવસાયિક ધોરણ, તેમની કારકિર્દી વ્યવસ્થાપન અને પ્રગતિ, તેમનો વ્યવસાયિક વિકાસ, ભરતી અને પદનિયુક્તિ જેવા વિષયોને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

**2.** વિદ્યાર્થી:

વિનોબાજીના મતે,

- વિદ્યાર્થી ચારિત્ર્યવાન, શીલવાન, ઉત્તમ અધ્યયનશીલ, દ્રઢ નિશ્ચય, બળવાન હૃદયમાં આશા અને હાથમાં બળ હોય એવા વિદ્યાર્થી યુવાનથી જ કાર્ય થાય છે. યુવકોમાં ઉત્સાહ હોય જ છે. તેની સાથે ધૈર્યની પણ આવશ્યકતા છે. જોશ અને હોંશ બંને જોઈએ અને કર્મયોગી બનવા માટે યુવાનોએ કોઈને કોઈ નિર્માણ કરતા રહેવું જોઈએ.
- નિર્માણ વિના, પ્રયોગ વિના, સંશય રહિત જ્ઞાન નહીં થાય. દેશના દરેકે દરેક વિદ્યાર્થીના હાથને કામ મળવું જોઈએ એના હૃદયને પોષણ મળવું જોઈએ અને તેની બુદ્ધિનો વિકાસ થવો જોઈએ.

- વિદ્યાર્થીમાં જ્ઞાન શક્તિ અને પ્રાણશક્તિનો સમુચ્ચય થશે ત્યારે પૂર્ણ આત્મવિશ્વાસ સાથે સંસારમાં પ્રવેશ કરી શકશે

આ સંદર્ભે નવી શિક્ષણનીતિ 2020માં વિભાગ-1 પ્રકરણ-4માં 4.4 અને 4.9માં વિદ્યાર્થીને વધુ સક્ષમ બનાવવાના પ્રયત્નોને સ્થાન આપવામાં આવ્યું છે.

**3.** શિક્ષણ અને ભાષા:

- વિનોબાજીનો નારો છે 'જય જગત'. આ અંગે તેમણે ઘણું ચિંતન કર્યું છે. ભાષાઓ માટે તેમને ખૂબ આદર છે. પગપાળા કરતા તેમણે ભારતની 14 ભાષાઓ શીખી છે અને વિવિધ ભાષાઓના સાહિત્યનું પણ અધ્યયન કર્યું છે. અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન અને એક્સપ્રેન્ટો ભાષા યુગોસ્લાવિયાના શિક્ષક પાસેથી શીખી છે.
- મનુષ્યને જોવા માટે બે આંખની જરૂર છે તેમ રાષ્ટ્રને પણ બે ભાષાઓ જોઈએ. એક માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષા અને બીજી પરસ્પરના વ્યવહારની ભાષા. બે ભાષાનું જ્ઞાન દરેક માટે અનિવાર્ય છે.
- ભગવાન શંકરને ત્રીજું નેત્ર હતું જે જ્ઞાન દૃષ્ટિ કહેવાય છે. આપણને જો ત્રીજા નેત્રની જરૂર લાગે તો સંસ્કૃત ભાષાનું અધ્યયન લાભદાયી થશે.

**4.** સર્વાંગી વિકાસ માટે નઈ તાલીમ:

નઈતાલીમના વિદ્યાલય પાસે અપેક્ષા છે કે તેમાં વિચારોનું ખૂબ અધ્યયન ચાલે અને સાથે જ તેનું આચરણ પણ થાય. ચિંતન,મનન અથવા સહ ચિંતન અને સહઆચરણ ગુરુ શિષ્ય બંને સાથે મળીને કરે. બાળકને જીવન જીવવા દો. તેને રસોઈ બનાવવા દો. એ સાચું શિક્ષણ થશે તેમાં જ્યાં જરૂર હોય ત્યાં રસાયણશાસ્ત્ર શીખવો. શિક્ષકે માત્ર માર્ગદર્શક બનવાનું છે.

ઘણા ખરા લોકો માને છે કે બાળકને થોડો ઘણો ઉદ્યોગ આપી દીધો અને તેમની પાસે ચરખો ચલાવડાવ્યો એટલે નઈતાલીમ થઈ ગઈ. કેટલાક લોકો માને છે જ્ઞાનની તરફ વધુ ધ્યાન ન આપ્યું એટલે નઈતાલીમ થઈ ગઈ અને કેટલાક લોકો એમ માને છે કે જ્ઞાનનો કામ સાથે જોડ બેસાડી દીધો તો નઈતાલીમ થઈ ગઈ. આ ત્રણેય કલ્પના ખોટી છે. જ્ઞાન અને કર્મ બંને એક જ વસ્તુના બે પાસા છે. ખબર જ ના પડે કે જ્ઞાનકર્મ ચાલી રહ્યું છે કે કર્મયોગ. જ્ઞાન અને કર્મમાં અભેદ છે. કર્મથી જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જ્ઞાનથી કર્મની પ્રેરણા મળે છે અને બંનેથી જીવન સાર્થક થાય છે.

આ સંદર્ભે નવી શિક્ષણ નીતિ 2020 માં પાના નંબર 112 અને 113 ઉપર વ્યવસાયિક શિક્ષણના સંદર્ભે ભલામણ સૂચિત કરવામાં આવી છે. જેમાં રોજગાર લક્ષી અભ્યાસક્રમ, કૃષિ શિક્ષણ, આરોગ્ય શિક્ષણ, તકનીકી શિક્ષણ જેવા વિષયોની સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

5. યોગ-ઉદ્યોગ અને સહયોગ ની કેળવણી

શિક્ષણમાં મુખ્ય ત્રણ વસ્તુ શીખવી જોઈએ. એક યોગ બીજો ઉદ્યોગ અને ત્રીજો સહયોગ. યોગ એટલે આસન લગાવવું, વ્યાયામ કરવો વગેરે નથી. યોગ એટલે ચિત પર અંકુશ રાખવો. ચિત્ત સ્થિર રાખવું. ગીતા જેને સ્થિત પ્રજ્ઞ કહે છે તેની બહુ આવશ્યકતા છે. રોજબરોજ સેકડો ઘટનાઓ કાન પર પડે છે. વિચારોનું આક્રમણ થાય છે. હાલમાં ચિત્તને સ્થિર રાખવું, શાંત રાખવું, કાબુમાં રાખવું અતિ મહત્વનું છે આ યોગ છે.

ઉદ્યોગ શબ્દનો ઉત્+યોગ એટલે ઊંચો યોગ એવો અર્થ થાય છે. ઉદ્યોગમાં કેવળ ચરખો હોય કે તકતી હોય એવો વિચાર નથી. આધુનિક યંત્ર પણ હોય અને વર્કશોપ હોય તે ઉદ્યોગ છે.

ત્રીજો છે સહયોગ એટલે આપણે બધાએ ભેગા મળીને જીવવાનું છે. આ સહજીવનમાં અનેક ભાષાઓ અને અનેકપ્રાંતો,અનેક ધર્મો વગેરે ખતમ થઈ જવા જોઈએ.આપણે બધા માણસો છે એક છીએ અને સાથે સાથે આસપાસના પંખીઓ, પ્રાણીઓ, ઝાડપાન,વનસ્પતિ બધું એક જ છે આટલી એકરૂપતા આપણને સૃષ્ટિમાં હોવી જોઈએ.

આ સંદર્ભે રાષ્ટ્રીય શિક્ષણનીતિના પ્રત્યેક સંસ્થાના માર્ગદર્શન માટેના મૂળભૂત સિદ્ધાંતો જે પાના નંબર 16 થી 18 માં આપેલા છે તેમાં બહુવિદ્યા શાખાકીય, જ્ઞાનના હાનિકારક ભેદભાવો, અંતરાયો દૂર કરવા, જ્ઞાનના સમન્વય અને એક સૂત્રતાને સુનિશ્ચિત કરવી, જીવન કૌશલ્ય જેવા કે પ્રત્યાયન, સહકાર, નિર્ણયોમાં સમાનતા વગેરે વિષયોને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

➲ **વિનોબાજી ની શિક્ષણ પંચપદી અને NEP2020ની સામ્યતા:**

| | વિનોબાની પંચપદી | NEP2020 |
|---|---|---|
| 1 | શિક્ષક | વિભાગ-1 પ્રકરણ-5 પાના નં. 49, 57 શિક્ષકની પદનિયુક્તિ, વ્યવસાયિક વિકાસ, વ્યાવસાયિક ધોરણો, શિક્ષક-પ્રશિક્ષણ અભિગમ |
| 2 | વિદ્યાર્થી | વિભાગ-1, પ્રકરણ-4, પાના નં. 33 અને 35 અધ્યેતાનો સર્વાંગી વિકાસ, વિદ્યાર્થીને સક્ષમ બનાવવાના પ્રયત્નો |

| | | |
|---|---|---|
| 3 | શિક્ષણ અને ભાષા | વિભાગ-1, પ્રકરણ-4 પાના નં. 35 થી 39, બહુભાષાવાદ, ભાષાની ક્ષમતા, વિભાગ-3, પ્રકરણ-22 પાના નં. 120 થી 125 ભાષાની ગુણવત્તા સુધારણા |
| 4 | સર્વાંગી વિકાસ માટે નઇ તાલીમ | વિભાગ-3, પ્રકરણ-20 પાના નં. 112-113, રોજગારલક્ષી અભ્યાસક્રમ, કૃષિ શિક્ષણ, આરોગ્ય શિક્ષણ, તકનીકિ શિક્ષણ |
| 5 | યોગ-ઉદ્યોગ સહયોગની કેળવણી | પાના નં. 16 થી 18 સંસ્થાના માર્ગદર્શનના મૂળભૂત સિદ્ધાંતો |

આમ, વિનોબાજી સૂચિત શિક્ષણ પંચપદીનો NEP 2020ના સંદર્ભે અભ્યાસ કરવામાં આવ્યો.

## ➲ સારાંશ:

NEP 2020ના અમલીકરણ દ્વારા સમગ્ર શિક્ષણ પ્રક્રિયામાં પરિવર્તન આવી રહ્યું છે. શિક્ષણની પ્રક્રિયા સાથે જોડાયેલ શિક્ષક, વિદ્યાર્થી, અભ્યાસક્રમ, શિક્ષણની પદ્ધતિ અને મૂલ્યાંકન મહત્વના પાસા છે ત્યારે વિનોબાજીના મતે શિક્ષક, વિદ્યાર્થી, પ્રત્યાયનનું માધ્યમ એવી ભાષા, નઈતાલીમ, જીવન કૌશલ્યોને અવગણી શકાય તેમ નથી. આ સંશોધનમાં લખાયેલા વિનોબાજીના વિચારો શિક્ષણ ક્ષેત્રે આવતા પરિવર્તનમાં ખૂબ ઉપયોગી નીવડશે.

અંતે,

"દિવસમાં એક કલાક, અઠવાડિયે એક દિવસ અને વર્ષમાં એક મહિનો અધ્યયન, ચિંતન, મનન અને ધ્યાન માટે કાઢવો." - વિનોબા ભાવે

## સંદર્ભ સૂચિ

1. શાહ, કાંતિ, અનુવાદ ભટ્ટ, મીરા (1995). "અહિંસાની ખોજ" યજ્ઞ પ્રકાશન : વડોદરા
2. ભટ્ટ, મીરા (1995). "સંત વિનોબા" યજ્ઞ પ્રકાશન : વડોદરા
3. મેઘાણી, મહેન્દ્ર (2017). "વિનોબા સાથે વાંચન યાત્રા" ગુર્જર સાહિત્ય ભવન.
4. વિનોબા (2005) "શિક્ષણ વિચાર" યજ્ઞ પ્રકાશન : વડોદરા
5. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર.

Certificate No.:010212202326


multidisciplinary COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (on-line)
International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**Dr. Archana D. Patel**

In recognition of the publication of the paper entitled

વિનોબાજી સૂચિત શિક્ષણપંચપદીનો NEP-2020ના સંદર્ભમાં અભ્યાસ

Published in Volume 01, Issue 02, December 2023.

**EDITOR IN CHIEF**